


સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે પ્રકૃતિ શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વન ચેતના કેન્દ્ર આયોજિત આ ત્રણ દિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિરમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને પ્રકૃતિપ્રેમ તથા સંરક્ષણના પાઠ શીખ્યા હતા.

# રંગોત્સવની સ્પર્ધાઓમાં ડીપીએસ ઝળકી



રંગોત્સવ કલા સંસ્થા, મહારાષ્ટ્ર દ્વારા આયોજીત સ્પર્ધામાં ડી.પી.એસ.ગાંધીનગરના નર્સરીથી લઈને ધોરણ-૧૨ના કુલ૧૧૬૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને તેમાથી કુલ ૬૪ વિદ્યાર્થીઓએ સુવર્ણપદક મેળવીને શાળા અને પરિવારનું નામ રોશન કર્યુ છે. શાળાના વિશિષ્ટ પ્રદાન બદલ શાળાને 'દ્રોણાચાર્ય એવોર્ડ' અને શાળાના કલા શિક્ષક શ્રી હસમુખ ચૌહાણને 'કલાભૂષણ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓ અને કલાશિક્ષકની ઉપરોક્ત સિદ્ધિ બદલ આચાર્ય અતનુ રથે અભિનંદન પાઠવ્યા હતા.

## જન્મદિને વધામણી



**નિકીતાબેન શાહ**
પૂર્વ પ્રમુખ, લાયોનેસ ક્લબ



**વ્યોમ અમીન**
સ્થાપક, સ્કાય ગૃપ
મો. ૭૬૦૦૬ ૭૭૭૦૦



**શ્રવણકુમાર પરમાર**
ગાયક કલાકાર
મો. ૯૪૨૭૩ ૧૮૦૭૩



**આરવ ગજ્જર**
આશાપુરા ગૃપ

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક


# જેએમપી વિદ્યા સંકુલમાં ખાણી-પીણી બજારનું આયોજન







જે.એમ.પી ગોપાલક વિદ્યા સંકુલમાં ખાણી પીણી બજારની ઉજવણી કરવામાં આવી. જેમાં પાણીપુરી, દહીપુરી, સેન્ડવીચ, પાસ્તા, ચા, કોફી, ઠંડા પીણા, ભેળ, વાટેલી દાળના ખમણ, સમોસા, તીખા ઘુઘરા, જેવી વિવિધ વાનગીઓ બનાવીને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને આ દ્વારા વિદ્યાર્થીઓને વેપાર પ્રત્યે રુચિ વધે અને તેઓ ભવિષ્યમાં સારા વેપારી બની શકે તેવા પ્રયાસો કરવામાં આવ્યા હતા. તજજ્ઞો દ્વારા વાનગીઓ ટેસ્ટ કરી વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને વિજેતાક્રમ આપવામાં આવ્યા હતા.






ગુજરાત વિદ્યાપીઠ સ્થાપના શતાબ્દી વર્ષમાં ગ્રામ વ્યવસ્થાપન અધ્યયન કેન્દ્ર રાંધેજા દ્વારા કેન્દ્ર સરકારના ઉન્નત ભારત અભિયાન હેઠળ રાષ્ટ્રીય સેવા યોજનાનાં સંયુક્ત ઉપક્રમે રીનલ ફાઉન્ડેશન અમદાવાદનાં સહયોગથી દત્તક લીધેલ સોનીપુર ગામમાં કિડની જાગૃતિ કાર્યક્રમનું આયોજન પ્રાથમિક શાળામાં કરવામાં આવ્યું હતું. ગ્રામજનોએ મોટી સંખ્યામાં આ કાર્યક્રમનો લાભ લીધો હતો.




શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગુજરાત વિદ્યાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગુજરાત વિદ્યાપીઠની સ્થાપનાના શતાબ્દી વર્ષની ઉજવણીના ભાગરૂપે વિશેષ ખાસ શિબિર "મહાત્મા ગાંધી અને ગ્રામ સ્વરાજ "નું આયોજન જાખોરા ગામ મુકામે કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ગાંધીવાદી સિદ્ધાંતોથી વણેલા રમેશભાઈ પટેલનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું જેમાં તેમને ગાંધીજીના સાચા ગ્રામ સ્વરાજની એક ઝલક વિદ્યાર્થી અને યુવાનો સામે પ્રસ્તુત કર્યું હતું સાથે સાથે ગાંધીજીના પ્રમાણે ગામોના વિકાસનો એક ખ્યાલ આપ્યો હતો અને કેવી રીતે છેવાડાનો માણસનો પર ધ્યાન રાખી સંપોષિત વિકાસ કરવો જોઈએ તે સમજાવ્યું હતું.

# શિક્ષણ ક્ષેત્રે વિશેષ સેવા બદલ સ્કૂલનાં આચાર્ય સન્માનિત




**સિધ્ધાર્થ મિરેકલ્સ શાળાના આચાર્ય ગીતા સતિષ પિશારોડીએ હર્ષ સાથે જણાવ્યું કે આ માનદ પારિતોષીક તેઓની વર્ષોની મહેનત તથા લગનનું પરિણામ છે**

ગાંધીનગર, તા. ૧૯

સમગ્ર ભારતમાં શૈક્ષણિક ક્ષેત્રે અમૂલ્ય યોગદાન આપનાર વ્યક્તિઓ માટે ઓમ એજ્યુકોન દ્વારા એક એવોર્ડ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સિધ્ધાર્થ મિરેકલ્સ શાળાના આચાર્ય શ્રીમતી ગીતા સતિષ પિશારોડીએ 'Best Emerging Principal – National Education Icon Award ૨૦૧૯ પ્રાપ્ત કરીને શિક્ષણ ક્ષેત્રે શાળાનું ગૌરવ વધાર્યું છે.

શૈક્ષણિક ક્ષેત્રે તેમણે પ્રાપ્ત કરેલ અભૂતપૂર્વ સિધ્ધિઓને કારણે તેમને ઉપરોક્ત એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા હતા. બાળકોના સર્વાંગીણ વિકાસ માટે સતત પ્રયત્નશીલ તથા સક્રિય કામગીરી કરવા બદલ સિધ્ધાર્થ મિરેકલ્સ શાળાના આચાર્ય ગીતા સતિષ પિશારોડીની ડો, ઉમેશ ગુર્જર (ડિરેક્ટર, ઓમ એજયુકોન) જ્યુરી મેમ્બર દ્વારા ખૂબ જ પ્રશંસા કરવામાં આવી હતી. આ ગૌરવશાળી પારિતોષીક વિતરણ સમારંભ અમદાવાદની ખ્યાતનામ હોટલ "મોન્ટેકિસ્ટો" ખાતે યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં શહેરના ખ્યાતનામ મહાનુભાવોએ હાજરી આપી હતી. વિશેષ કરીનેગીતકાર કિંજલ દવે, ખ્યાતનામ કલાકાર તેમજ રાજકારણી શ્રીમતી ઉર્મિલા માંતોડકર ઉપસ્થિત રહ્યા હતા. આ સમારંભમાં જે શિક્ષણવિદોએ શિક્ષણના ક્ષેત્રમાં અમૂલ્ય ફાળો આપ્યો છે તેઓને ટ્રોફી તથા સ્મૃતિચિહ્નો આપીને નવાજવામાં આવ્યા હતા.

સિધ્ધાર્થ મિરેકલ્સ શાળાના આચાર્ય શ્રીમતી ગીતા સતિષ પિશારોડીએ હર્ષ સાથે જણાવ્યું કે આ માનદ પારિતોષીક તેઓની વર્ષોની મહેનત તથા લગનનું પરિણામ છે.

# આજના યંગસ્ટર્સ ભાજી કે લીલા શાકભાજી ખાતા નથી

**અમદાવાદમાં પોષણ-આહારવિજ્ઞાન પર રાષ્ટ્રીય સંમેલન : ધ ઈન્ડિયન ડાયટેટિક્સ એસોસીએશન દ્વારા આયોજિત ત્રણ દિવસના સમેલનમાં દેશ-વિદેશથી નિષ્ણાતો પધારશે**

અમદાવાદ, તા.૧૯

આજની ભાગદોડભરી અને અનિયમિત ખાન-પાનભરી જીંદગીમાં કવોલિટી અને ન્યુટ્રીશન્સ ફુડની ઘણી જ મહત્વતા છે ત્યારે સમાજમાં ન્યુટ્રીશન્સ ફુડ તરફ ધ્યાન કેન્દ્રિત કરવું બહુ જ અગત્યનું બની જાય છે. ખાસ કરીને આજના આધુનિક યુગમાં યંગસ્ટર્સ ભાજી કે લીલા શાકભાજી ખાવાનું ટાળી રહ્યા છે, તે બાબત ઘણી ગંભીર છે. વળી, ન્યુટ્રીશન્સ અને કવોલિટી ફુડ મોંઘા કે પોષાય તેમ નહી હોવાની જે ભ્રામક માન્યતા લોકોમાં પ્રવર્તી રહી છે તે પણ ખોટી છે, વાસ્વમાં કવોલિટી અને ન્યુટ્રીશન્સ ફુડ તમારા રોજિંદા આહારમાં જ ઉપલબ્ધ હોય છે જરૂર છે માત્ર તેને પસંદ કરવાની અને તેને તમારા રોજિંદા ડાયેટ પ્લાનમાં સમાવવાની એમ આજે અમદાવાદ શહેરમાં પોષણ અને આહાર વિજ્ઞાન પર શરૂ થયેલા ત્રિદિવસીય રાષ્ટ્રીય સંમેલનમાં ધ ઈન્ડિયન ડાયટેટિક્સ એસોસીએશનના પ્રેસીડેન્ટ ડો.જગમીત મદાન અને આર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો.રીમા રાવે જણાવ્યું હતું. ધ ઈન્ડિયન ડાયટેટિક્સ એસોસીએશનની ગુજરાત શાખા દ્વારા આગામી તા.૧૯, ૨૦ અને ૨૧ ડિસેમ્બર, ૨૦૧૯ના રોજ ધ ફોરમ, કલબ ૦૭, અમદાવાદ ખાતે ઈન્ડિયન ડાયટેટિક એસોસીએશનની ૫૨મી વાર્ષિક કોન્ફરન્સનો આજથી પ્રારંભ થયો તે પ્રસંગે આ નિષ્ણાત મહાનુભાવોએ પ્રતિક્રિયા આપી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ત્રિદવસીય આ રાષ્ટ્રીય સમંલેનમાં નવી તકોની શોધ, આહાર સશક્તિકરણ, જીવનધોરણને સમૃદ્ધ બનાવવું, કોન્ફરન્સની થીમ તેના ત્રિપક્ષિય હેતુ, સંશોધન, રોજિંદી પ્રેક્ટિસના પડકાર તથા સામુદાયિક જવાબદારીને આવરી લે છે. આ સંમેલન દેશમાં આહાર વિશેષજ્ઞો તથા પોષણ વિજ્ઞાનીઓનું સૌથી મોટું સંમેલન બની રહેશે. સુપ્રસિદ્ધ વક્તાઓ, જ્ઞાનસભર ચર્ચાઓ તથા તદ્દન નવા સત્રોએ આઈડીએકોન ૨૦૧૯ની સૌથી આગવી વિશેષતા છે. દેશ અને દુનિયામાંથી નિષ્ણાત મહાનુભાવો, તબીબો અને તજજ્ઞો આ રાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લેવા આવી રહ્યા છે. ગર્ભાવસ્થામાં હાઈપરગ્લાયકેમિયા, બેરિયાટ્રિક ન્યુટ્રિશન, ટીએચએએનડીએવી (ટેકિંગ હિટ એન્ડ ડાન્સ ટુ એડોલ્સન્ટ્સ ફોર વિક્ટરી ઓવર એનસીડીસ), ઈન્ટિગ્રેટિવ ન્યુટ્રિશન, ન્યુટ્રિશન ઈન ક્રિટિકલ કેર તથા ગટ એન્ડ બિયોન્ડ (ન્યુટ્રિશ્નલ ઈન્ટરવેન્શન્સ ઈન ગેસ્ટ્રો ઈન્ટેસ્ટાઈનલ ડિસીઝ) પરની કાર્યશિબિરો વિવિધ ક્ષેત્રોમાં તાજેતરમાં થયેલી ઘટનાઓનો સર્વાંગી ચિતાર ઉપલબ્ધ બનાવે તે રીતે તૈયાર કરાઈ છે. ધ ઈન્ડિયન ડાયટેટિક્સ એસોસીએશનના પ્રેસીડેન્ટ ડો.જગમીત મદાન અને આર્ગેનાઈઝીંગ સેક્રેટરી ડો.રીમા રાવે વધુમાં ઉમેર્યુ કે, કોન્ફરન્સમાં મેદસ્વીતા, કેન્સર, પીડિયાટ્રિક ન્યુટ્રિશન, નેફ્રોલોજી, ડાયબિટીસ, ફૂડ ફોર્ટિફિકેશન, લિવરની તંદુરસ્તી, હૃદય સંબંધિત તંદુરસ્તી, હાડકાં અને સ્નાયુઓની તંદુરસ્તી, સ્પોર્ટ્સ ન્યુટ્રિશન, ન્યુટ્રિશન અને ફર્ટિલિટી, કુપોષણ તથા અન્ય અનેક વિષયો પર ચર્ચાઓ, પેનલ ડિસ્કશન્સ અને સંવાદ યોજાશે. ક્લિનિકલ ડાયટેટિક્સ, એક્સપેરિમેન્ટલ ન્યુટ્રિશન, ક્લિનિકલ કેસ પ્રેઝન્ટેશન્સ, ફૂડ સાયન્સ એન્ડ ટેક્નોલોજી તથા કમ્યુનિટી ન્યુટ્રિશન જેવી વિવિધ શ્રેણીઓમાં દેશભરના યુવા વૈજ્ઞાનિકો દ્વારા શોધપત્રોની રજૂઆત કરાશે જે ફૂડ, ન્યુટ્રિશન અને ડાયટેટિક્સ ક્ષેત્રે વર્તમાન પ્રવાહોની જાણકારીની આપ-લે માટે મહત્ત્વનો મંચ ઉપલબ્ધ બનાવશે.





સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત 'સ્વચ્છ સમુદ્ર-૨૦૧૯' ઈન્ડીયન કોસ્ટ ગાર્ડ દ્વારા પ્રાદેશિક કક્ષાના પ્રદૂષણ પ્રતિક્રિયા કવાયત હાથ ધરી છે. આ પ્રયોગ ૧૭ ડિસેમ્બરથી ૧૮ ડિસેમ્બર ૧૯ દરમિયાન તેલ પ્રદૂષણની ઘટનાઓ માટે પ્રતિભાવ પદ્ધતિને માન્યતા આપવા અને તેને મજબૂત બનાવવા અને ભારતીય કોસ્ટ ગાર્ડને NOS-DCPની જોગવાઈઓ સાથે આવી ઘટનાઓમાં જરૂરી કાર્યવાહીને દંડ કરવા સક્ષમ બનાવવા માટે હાથ ધરવામાં આવી હતી.